પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૮ અંક : ૩૬ કુલ પાના : ૪ તારીખ : ૦૨-૧૦-૨૦૨૪ બુધવાર કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ સંપન્ન,અંતિમ તબક્કામાં ૬૬ ટકા મતદાન

શ્રીનગર

જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં આજે ૪૦ વિધાનસભા બેઠકો પર મતદાન શાંતિપૂર્ણ સંપન્ન થયું હતું એકદરે ૬૬ ટકા જેટલું મતદાન થયું છે મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને ૪૧૫ ઉમેદવારોના ભાવિનો નિર્ણય ઈવીએમમાં સીલ કર્યો છે આ તબક્કાની ચૂંટણીમાં બે પૂર્વ નાયબ મુખ્યમંત્રી તારા ચંદ અને મુઝફ્ફર બેગ મેદાનમાં હતાંચૂંટણીના આ તબક્કાની મહત્વની વિશેષતાઓ પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીઓ, વાલ્મિકી સમાજ અને ગોરખા સમુદાયની ભાગીદારી રહી હતી



પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીએ કહ્યું કે ૭૫ વર્ષ પછી અમને પહેલીવાર જમ્મુ અને કાશ્મીર વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરવાની તક મળી છે.અમે સરકારનો આભાર માનીએ છીએ અને આપણે બધા ઉજવણી કરી રહ્યા છીએ. એક પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીએ કહ્યું કે "૭૫ વર્ષ પછી પહેલીવાર અમને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવાની તક મળી રહી છે... હું સરકારનો આભાર માનું છું અને અમે બધા ઉજવણી કરી રહ્યા છીએ કારણ કે અમે પ્રથમ વખત અમારી મતાધિકારનો ઉપયોગ કરી રહ્યા છીએ,'' પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થીએ કહ્યું. પશ્ચિમ પાકિસ્તાની શરણાર્થી સમુદાયના લોકોએ અગાઉ ક્યારેય તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો નથી. આ અમને વડાપ્રધાન મોદીએ આપેલી ભેટ છે.જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને અંતિમ તબક્કામાં બપોરે ૧ વાગ્યા સુધી ૪૪.૦૮ ટકા મતદાન થયું હતું.જમ્મુ અને કાશ્મીરના બારામુલાના સાંસદ રાશિદ એન્જીનિયરના પુત્ર અબરાર કહે છે, "૧૦ વર્ષ પછી યોજાનારી ચૂંટણી એ એક મોટી વાત છે. અમને અમારા પ્રતિનિધિને પસંદ કરવાનો મોકો મળી રહ્યો છે અને અમારી પાર્ટીએ લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. .. મને લાગે છે કે અમે ભાજપની 'બી' ટીમ છીએ, તેમને (રશીદ એન્જિનિયર) ૫ વર્ષ સુધી જેલમાં રાખ્યા, પછી તે ભાજપની 'બી' ટીમ કેવી રીતે બની શકે અમારી પાસેથી જે ઓળખ છીનવાઈ ગઈ છે તે પાછી આપવી જોઈએ, પછી તે કલમ ૩૭૦ હોય કે ૩૫, કારણ કે તે આપણો અધિકાર છે


જમ્મુ-કાશ્મીરમાં ત્રીજા તબક્કાનું મતદાન ચાલી રહ્યું છે. જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા કવિન્દર ગુપ્તા જમ્મુના જાનીપુરમાં વિદ્યા જ્યોતિ મોડલ હાઈસ્કૂલમાં મતદાન કર્યા પછી તેમની શાહીવાળી આંગળી બતાવે છે. મતદાન કર્યા પછી, જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા કવિન્દર ગુપ્તાએ કહ્યું, "આર્ટિકલ ૩૭૦ હટાવ્યા પછી, એક નવું જમ્મુ અને કાશ્મીર બનાવવામાં આવ્યું છે. અમે આતંકવાદ, અલગતાવાદ, ભ્રષ્ટાચાર...ને ખતમ કરી દીધો છે. લોકોમાં બનાવવામાં આવ્યું છે અને લોકો ભાજપની તરફેણમાં મતદાન કરશે.

પ્રથમ તબક્કામાં મતદાનની ટકાવારી ઘણી સારી રહી હતી, પ્રથમ તબક્કામાં ૧૮ સપ્ટેમ્બરે ૬૧.૩૮ ટકા મતદાન થયું હતું અને બીજા તબક્કામાં ૨૬ સપ્ટેમ્બરે ૫૭.૩૧ ટકા મતદાન થયું હતું. ઓગસ્ટ ૨૦૧૯ માં બંધારણની કલમ ૩૭૦ નાબૂદ થયા પછી જમ્મુ અને કાશ્મીરમાં આ પ્રથમ વિધાનસભા ચૂંટણી છે, જેના પરિણામો ૮ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. જમ્મુ અને કાશ્મીરના મુખ્ય ચૂંટણી અધિકારી પાંડુરંગ કે. પોલના જણાવ્યા અનુસાર, ૪૦ વિધાનસભા મતવિસ્તારોમાંથી, ૨૪ બેઠકો જમ્મુ ક્ષેત્રમાં છે અને ૧૬ બેઠકો કાશ્મીર ખીણમાં છે.મતદાન માટે જિલ્લાઓમાં કુલ ૫,૦૬૦ મતદાન મથકો સ્થાપિત કરવામાં આવ્યા હતાં તેમણે કહ્યું કે ૫૦ મતદાન મથકોનું સંચાલન મહિલાઓ દ્વારા કરવામાં આવ્યું છે જેને 'પિંક પોલિંગ સ્ટેશન' કહેવામાં આવે છે. સીઈઓના જણાવ્યા અનુસાર, આ સિવાય ૪૩ મતદાન મથકોનું સંચાલન વિકલાંગોના હાથમાં રહ્યું હતું તેમણે કહ્યું કે પર્યાવરણીય ચિંતાઓ અંગે સંદેશ આપવા માટે ૪૫ ગ્રીન મતદાન મથકો અને ૩૩ અનન્ય મતદાન મથકો બનાવાયા હતાં તેમણે કહ્યું કે સરહદી વિસ્તારોના રહેવાસીઓ માટે નિયંત્રણ રેખા અથવા આંતરરાષ્ટ્રીય સરહદની નજીક ૨૯ મતદાન મથકો બનાવવામાં આવ્યા હતાં ત્રીજા તબક્કાની ચૂંટણી માટે ૨૦,૦૦૦થી વધુ પોલિંગ સ્ટાફ ફરજ પર તૈનાત રહ્યાં હતાં સવારે મતદાન મથકો પર ભારે ભીડ જોવા મળી હતી.આ તબક્કામાં પીપલ્સ કોન્ફરન્સના પ્રમુખ અને પૂર્વ મંત્રી સજ્જાદ લોન અને નેશનલ પેન્થર્સ પાર્ટી ઈન્ડિયાના પ્રમુખ દેવ સિંહ જેવા અગ્રણી નેતાઓનું ભાવિ ઈવીએમ મશીનમાં સીલ કરાયું છે એકલા કુપવાડાની બે બેઠકો પરથી ચૂંટણી લડી રહ્યા છે, જ્યારે સિંહ ઉધમપુરની ચેનાની બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ભૂતપૂર્વ પ્રધાનો રમન ભલ્લા (આરએસ પુરા), ઉસ્માન મજીદ (બાંદિપોરા), નઝીર અહેમદ ખાન (ગુરેઝ), તાજ મોહિઉદ્દીન (ઉરી), બશારત બુખારી (વાગુરા-ક્રીરી), ઈમરાન અંસારી (પટ્ટન), ગુલામ હસન મીર (ગુલમર્ગ), ચૌધરી લાલ સિંહ (બસોહલી), રાજીવ જસરોટિયા (જસરોટા), મનોહર લાલ શર્મા (બિલાવર), શામ લાલ શર્મા અને અજય કુમાર સધોત્રા (જમ્મુ ઉત્તર), મુલા રામ (મઘ), ચંદ્ર પ્રકાશ ગંગા અને મનજીત સિંહ (વિજાપુર) અન્ય ઉમેદવારો મેદાનમાં છે.

## પાણીમાં ડુબેલા ગુજરાતને ફરી બેઠું કરવા મોદી સરકાર ૬૦૦ કરોડ આપશે

ગાંધીનગર

આ વર્ષે દેશના અનેક રાજ્યોમાં પૂર જેવો વરસાદ આવ્યો છે. અનેક રાજ્યો અસરગ્રસ્ત છે. ત્યારે કેન્દ્ર સરકારે પુર અસરગ્રસ્ત ગુજરાત સહિત ૩ રાજ્યો માટે ૬૭૫ કરોડ રૂપિયાની સહાયને મંજૂરી આપી છે. જેમાં મણિપુરને ૫૦ કરોડ, ત્રિપુરાને ૨૫ કરોડ સહાય અને ગુજરાતને ૬૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે. ત્યારે પૂરગ્રસ્ત ગુજરાતને બેઠું કરવા માટે કેન્દ્ર સરકારની આ સહાય મહત્વની સાબિત થશે.



થોડા દિવસો પહેલા ઈન્ટર-મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમો પૂરથી અસરગ્રસ્ત આસામ, મિઝોરમ, કેરળ, ત્રિપુરા, નાગાલેન્ડ, ગુજરાત, આંધ્રપ્રદેશ, તેલંગાણા અને મણિપુરમાં નુકસાનના સ્થળ પર જ મૂલ્યાંકન માટે નિયુક્ત કરવામાં આવી હતી, જેમને સ્થળ પરીક્ષણ તથા સર્વે માટે અલગ અલગ રાજ્યોની મુલાકાત લીધી હતી. કેન્દ્ર સરકારે પુર અસરગ્રસ્ત ગુજરાત સહિત ૩ રાજ્યો માટે સહાયની કરી જાહેરાત કરી છે, જેમાં મણિપુર ને ૫૦ કરોડ, ત્રિપુરા ને ૨૫ કરોડ સહાય અને ગુજરાતને ૬૦૦ કરોડની સહાયની જાહેરાત કરી છે.

૧૫ સપ્ટેમ્બરથી ૩ દિવસ માટે કેન્દ્રીય ટિમ ગુજરાતની પણ મુલાકાતે હતી. ગુજરાતમાં વડોદરા સહિત ૧૪ જિલ્લાઓ જે પુર અસરગ્રસ્ત હતા, ત્યાં નુકસાનીનો સર્વે કરાયો હતો. રાજ્ય દ્વારા અંદાજીત ૯૦૦ કરોડના નુકસાન અંગે ટીમ ને જણાવવામાં આવ્યું હતું. જેમાંથી ૬૦૦ કરોડની રાહત મંજુર કરવામાં આવી છે.

## ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી સિલેન્ડરના ભાવમાં તોતિંગ વધારો

નવીદિલ્હી

તહેવારોની સીઝન શરૂ થાય તે પહેલા જ ઓક્ટોબર મહિનાના પહેલા જ દિવસે લોકોને મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં કમરતોડ વધારો ઝીંક્યો છે. કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ ૪૮.૫ રૂપિયા સુધી વધ્યા છે. નવા ભાવ મંગળવાર એટલે કે પહેલી ઓક્ટોબર સવારથી જ લાગૂ થઈ ચૂક્યા છે. આ વધારા બાદ હવે દિલ્હીમાં ૧૯ કિલોગ્રામવાળા એલપીજી સિલિન્ડરનો ભાવ ૧૭૪૦ રૂપિયા સુધી પહોંચ્યો છે.

આ અગાઉ ૧ સપ્ટેમ્બરે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૩૯ રૂપિયાનો વધારો કર્યો હતો. જ્યારે પહેલી જુલાઈએ ભાવમાં ઘટાડો થયો હતો અને તે વખતે ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ સિલિન્ડરના ભાવમાં ૩૦ રૂપિયા ઘટ્યા હતા.

જો કે આ બધા વચ્ચે રાહતની વાત એ છે કે ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ ફક્ત ૧૯ કિલોગ્રામવાળા કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં વધારો કર્યો છે. પરંતુ ઘરેલુ સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર નથી. અત્રે જણાવવાનું કે દિલ્હીમાં ઘરેલુ એલપીજી સિલિન્ડરનો ભાવ ૮૦૩ રૂપિયા છે જ્યારે કોલકાતામાં ૧૪ કિલોગ્રામવાળો સિલિન્ડરનો ભાવ ૮૨૯ રૂપિયા છે. મુંબઈમાં એલપીજીનો ભાવ ૮૦૨.૫ રૂપિયા અને ચેન્નાઈમાં ૯૧૮.૫ રૂપિયા છે.

ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ એલપીજી સિલિન્ડરના ભાવમાં ૪૮.૫ રૂપિયાનો વધારો ઝીંક્યા બાદ દિલ્હીમાં કોમર્શિયલ સિલિન્ડરનો ભાવ વધીને ૧૭૪૦ રૂપિયા થયો છે. જ્યારે મુંબઈમાં ૧૯ કિલોગ્રામવાળો એલપીજીનો બાટલો ૧૬૪૪ રૂપિયાથી વધીને હવે ૧૬૯૨.૫૦, કોલકાતામાં ૧૮૫૦.૫૦ રૂપિયા ભાવ અને ચેન્નાઈમાં ૧૯૦૩ રૂપિયા થઈ ગયો છે.


ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એવિએશન ટર્બાઈન ફ્યૂલના ભાવમાં ઘટાડો કર્યો છે અને તેના ભાવમાં ૫,૮૮૩ રૂપિયા પ્રતિ કિલોલીટરનો કાપ આવ્યો છે. એટીએફના નવા દર આજથી લાગૂ થયા છે. એટીએફના ભાવમાં ઘટાડા બાદ હવે હવાઈ મુસાફરી સસ્તી થઈ શકે છે. જો કે તે એરલાઈન્સ પર નિર્ભર કરે છે કે તે ઓઈલના ભાવમાં કાપનો ફાયદો મુસાફરોને આપે છે કે નહીં.



# બાલાસિનોર તાલુકાના જેઠોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ રસ્તો ના બનતા મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

## લવારીયા અને વાવલી પરા વિસ્તારના લોકો રસ્તામાટે રઝળપાટ : તંત્રનું સૂચક મૌન

બાલાસિનોર



બાલાસિનોર તાલુકાના જેઠોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલા પાંચ પરા વિસ્તારમાં આઝાદીના ૭૫ વર્ષ વીતી ગયા છતાં આજદિન સુધી કાચા માર્ગમાંથી પાકો માર્ગના બનતા ગ્રામજનોમાં પોતાની વેદના ઠાલવી રહ્યા છે ત્યારે ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા મુખુમંત્રીને રજૂઆત કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર બાલાસિનોર તાલુકામાં આવેલી જેઠોલી ગ્રામ પંચાયત વિસ્તારમાં પાંચ પરા વિસ્તાર સહીત જેઠોલી ગ્રામપંચાયતમાં અંદાજિત દસ હજારની આસપાસ વસ્તી ધરાવતું ગામ છે જે ગામમાં આવેલા પરા વિસ્તાર પૈકી લવારીયા અને વાવલી જે બંને પરા વિસ્તારોમાં પાંચ હજારથી વધુ લોકો વસવાટ કરી રહ્યા છે જયારે આ બંને પરા વિસ્તારના રહેવાસીઓને આ જેઠોલી ગામ અને તાલુકા મથક સહિતના અન્ય ગામો ચોમાસાંની ઋતુમાં અનેક વખતે પાણી આવવાથી સંપર્ક વિહોણા પણ બન્યા છે ત્યારે આ વિસ્તરામાં ૧૦૮ સહીત પશુ દવા કરવા આવતી ગાડીઓ પણ પ્રવેશી કરી સકતી નથી સગર્ભા મહિલાઓને ખાટલાઓમાં લઈને એક થી દોઢ કિલોમીટર આવવું પડતું હોય છે પ્રાથમિક શાળાના બાળકો ચોમાસાની ઋતુમાં અનેક વખત કમર સમા પાણીમાં થઈને શાળાએ અભ્યાસ અર્થે જીવના જોખમે જવાની ફરજ પડે છે ત્યારે અનેક વખત સ્થાનિક ક્ક્ષાએ આવેલી પંચાયત વિભાગના અધિકારીઓને,સ્થાનિક નેતાઓને વારંવાર રજૂઆત કરવા છતાં તાલુકાના નક્શામાં જાણે આ ગામના હેય તેમ જોવા શુદ્રે આવ્યા નથી ત્યારે સરપંચ દિપકભાઈ પંચાલ દ્વારા મુખ્યમંત્રીને લેખિત રજુઆત ક્રી છે ત્યારે હવે જોવાનું રહ્યું કે રસ્તો કાચા માંથી પાકો બને છેકેક્મ ? નહિ તો સ્થાનિકોમાં રાજકીય નેતાઓ તેમજ પ્રસાશન સામે ભારે આક્રેશ સાથે આંદોલન કરવાની ફરજ પડશે તેમ જણાવ્યું હતું.

# ૧ ઓક્ટોબરના રોજ આંતરરાષ્ટ્રીય વૃદ્ધજન દિવસ નિમિતે વસોના પલાણા ખાતે નિશુલ્ક વૃદ્ધોને સહાયક ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યુ



ઉપકરણોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. જેમાં, કુલ ૧૪૪ વરિષ્ઠજનોને રૂ. ૧૧ લાખની કિમતના ૬૫૩ જેટલા વિવિધ સહાયક ઉપકરણો વિતરણ કરવામા આવ્યા હતા. ૩૬ વ્હીલ ચેર, ૭૬ કાનના મશીન, ૨૧૨ ઘૂટણના બેલ્ટ, ૧૦૨ કમરના બેલ્ટ, ૯૦ વોકિંગ સ્ટિક, ૯૮ સિલિકોન ફોમ વાળા શીટ, ૩૧ શીટ વાળી સ્ટીક અને ૬ કોમોડ વાળી વ્હીલ ચેર જેવા અત્યંત ઉપયોગી જીવન જરૂરિયાત સહાયક ઉપકરણોનું નીશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ હતુ.

આ પ્રસંગે માતર ધારાસભ્યશ્રી કલ્પેશભાઈ પરમાર, વસો તાલુકા પ્રમુખ શ્રીમતી રિંકાબેન પટેલ, પલાણાના સરપંચ શ્રી હાર્દિક પટેલ, આસરા કેન્દ્રના ડાયરેક્ટર ડો. ચંદ્ર ગોપાલ, એલિમકો ઉજ્જૈનના પ્રતિનિધિ શ્રી ધર્મેન્દ્ર યાદવ, આસરા કેન્દ્રના કોડિનેટર શ્રી રાકેશ ચાવડા સહિત અન્ય આગેવાનો અને મોટી સંખ્યામાં વરિષ્ઠજનો ઉપસ્થિત હતા.

# લુણાવાડા નગરપાલિકા દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવવાની સ્પર્ધા યોજાઈઃ વિવિધ કૃતિઓ થકી સ્વચ્છતાનો સંદેશો અપાયો



મહીસાગર

ભારત સરકારના દ્વારા બીજી ઓક્ટોબરના રોજ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે સમગ્ર ભારતમાં સ્વચ્છતા માટેની જન ઉજવણીનું આયોજન કરવામાં આવે છે. જે ઉજવણીના ભાગરૂપે સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન તારીખ ૧૭ સપ્ટેમ્બરથી સ્વચ્છતા હી સેવા-૨૦૨૪ પખવાડિયા તરીકે ઉજવવાનું નક્કી કરેલ છે.

જે ઉજવણી અંતર્ગત લુણાવાડા નગરપાલિકા દ્વારા વેસ્ટ માંથી બેસ્ટ વસ્તુ બનાવવાની સ્પર્ધા યોજાઇ હતી. જેમાં કન્યા શાળા, સરદાર પટેલ વિદ્યાલય અને કિશાન વિદ્યાલયના બાળકોએ ભાગ લીધો હતો અને આ તમામ બાળકોએ સ્વચ્છતાનો સંદેશો આપતી વિવિધ કૃતિઓ બનાવી હતી.સમગ્ર કાર્યક્રમમાં એનજીઓ ટીમના ભરતભાઈ ભોઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.બાળકોએ વેસ્ટમાંથી બેસ્ટ આકર્ષક કૃતિ બનાવી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરી હતા.શાળા પરિવાર દ્વારા આ કાર્યક્રમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો






# પ્રકૃતિના ખોળે વસેલ રેલવા ગામના ડામોર રામાભાઈ પ્રાકૃતિક ખેતી કરી જીવી રહ્યા છે નિરોગી જીવન

મહીસાગર



દિવસે ને દિવસે મહીસાગર જિલ્લામાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે કડાણા તાલુકાના રેલવા ગામના ડામોર રામાભાઈ પણ પ્રાકૃતિક ખેતી અપનાવી નિરોગી જીવન જીવી રહ્યા છે.

પ્રકૃતિના ખોળે વસેલ રેલવા ગામના ડામોર રામાભાઈ જણાવે છે કે પેહલા હું રાસાયણિક ખેતી કરતો હતો ત્યારે મારો ખર્ચો ખૂબ વધી જતો હતો અને આવક ઓછી મળતી હતી ત્યારબાદ એક દિવસ મને પ્રાકૃતિક ખેતી કરવાનો વિચાર આવતા મે પ્રાકૃતિક ખેતી કરવાનો નિર્ણય લીધો અને પ્રાકૃતિક ખેતીની તાલીમ લઈ ૨૦૧૯ થી મે મારા ખેતરમાં પ્રાકૃતિક ખેતી કરવાનું ચાલુ કર્યું. આ પ્રાકૃતિક ખેતી થકી દેસી ગાય આધારિત ખેતી કરવાથી મને ખર્ચો ખૂબ ઓછો આવે છે અને આ ઉપરાંત સરકાર તરફથી દેસી ગાય નિભાવ ખર્ચ અંતર્ગત દર મહિને ૯૦૦ રૂપિયાની સહાય પણ આપવામાં આવે છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, હું મારા ખેતરમાં શાકભાજીનું વાવેતર કરું છું અને આ શાકભાજી મારે વેચવા પણ જવું પડતું નથી લોકો મારા ઘરે આવી શાકભાજી લઈ જાય છે જેથી હું ઘર બેઠા આવક મેળવી રહ્યો છું જેથી હું દરેક ખેડૂત મિત્રોને અપીલ કરું છું કે દરેક લોકોએ પ્રાકૃતિક કૃષિ કરવી જોઈએ જેથી આપડે નીરોગી જીવન જીવી શકીએ અને આપની આવકમાં પણ વધારો કરી શકીએ.

# *રાષ્ટ્રીય વૃક્ષ ઉત્પાદક સહકારી મહાસંઘ માં ગુજરાતના પ્રતિનિધિ તરીકે ખુમાનસિંહ યુ.ચૌહાણ ની બિનહરીફ વરણી કરવામાં આવી.*



નેશનલ ટ્રી ગ્રોઅર્શ ફેડરેશન, આણંદ, દેશના ૭ રાજ્યના પ્રતીનિધીઓમાં આંધ્રપ્રદેશ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ, કર્ણાટક અને ગુજરાતના બોર્ડ ઓફ ડાયરેક્ટર ની ચુંટણી કરવામાં આવી હતી.

તા.૩૦.૦૯.૨૦૨૪ ના રોજ ગુજરાતના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ તરીકે ખુમાનસિંહ યુ ચૌહાણની બિનહરીફ વરણી કરવામાં આવેલ. જેઓ વર્ષ ૨૦૨૭ સુધી ત્રણ વર્ષ માટે ડાયરેક્ટર તરીકેનું પદ ધારણ કરશે.

આ ફેડરેશન સમગ્ર ભારત દેશમાં વન, પર્યાવરણ અને જળ સંચય ની ઉત્કૃષ્ટ કામગીરી કરે છે. અને ગુજરાતના પ્રતિનિધિ તરીકે ખુમાનસિંહ ચૌહાણ ની વરણી થતાં સમગ્ર જિલ્લામાં આનંદ ની લાગણી વ્યાપી ગયેલ હતી. અને મોટી સંખ્યામાં ખેડૂત અને સહકારી આગેવાનો દ્વારા તેઓને શુભકામનાઓ પાઠવામાં આવેલ.


આ પ્રસંગે ખુમાનસિંહ ચોહાણ દ્વારા જિલ્લામાં વન, પર્યાવરણ અને જળસંચય ને વધુ પ્રોત્સાહન મળે અને ભારત સરકારની ફેડરેશન દ્વારા થતી પ્રવૃતિઓનો જિલ્લાને વધુમાં વધુ લાભ મળે તેવું આયોજન કરવા જણાવેલ.

# નડિયાદ બીએપીએસ મંદિર ખાતે સ્વચ્છ ભારત દિવસ ઉજવણીનો કાર્યક્રમ યોજાશે



સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ પખવાડિયા અંતર્ગત ૨ ઓક્ટોબરના રોજ પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વન અને પર્યાવરણ અને કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી શ્રી મુળુભાઇ બેરાની અધ્યક્ષતામાં બીએપીએસ મંદિર, કેશવ કથા કુંજ, યોગી ફાર્મ, પીપલગ રોડ નડિયાદ ખાતે સવારે ૦૯:૦૦ કલાકે સ્વચ્છ ભારત દિવસની ઉજવણીનો કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના આયોજન બાબતે જિલ્લા વિકાસ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી ખાતે એક બેઠક યોજાઈ હતી. જેમાં કાર્યક્રમના સફળ આયોજન બાબતે માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા.કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતા હી સેવા ૨૦૨૪ ની શોર્ટ ફિલ્મ નિદર્શન, સ્વચ્છતા બાબતે સારી કામગીરી કરનારને એવોર્ડ વિતરણ, સ્વચ્છતા હી સેવાના શપથ અને વૃક્ષારોપણ સહિતની પ્રવૃત્તિઓ કરવામાં આવશે. આ ઉપરાંત જિલ્લામાં ગ્રામ્ય સ્તરથી લઈને જિલ્લા સ્તરથી સુધી અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. ગામડાઓમાં ગ્રામસભાઓ યોજવામા આવશે. જેમાં સફાઈ, સ્વચ્છતા રેલી, સ્વચ્છતાના શપથ, શૌચાલયના ઉપયોગનું મહત્વ, કચરા વ્યવસ્થાપન, સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ પર અંકુશની સમજણ આપવી તથા મહાશ્રમદાન સહિતની પ્રવૃતિઓ કરવામાં આવશે.નડિયાદ ખાતે યોજાનાર જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીઓ, અને જિલ્લા વહીવટી તંત્રના તમામ અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

# લુણાવાડા અને ખાનપુર તાલુકાના વિવિધ ગામો મોં વરસાદના કહેર થી ડાંગર નો પાકા જમીન દોસ્ત



હવામાન વિભાગની આગાહી મુજબ વરસાદના છેલ્લા રાઉન્ડમાં વરસાદે ભારે પવન સાથે ધમાકેદાર એન્ટ્રી કરી છે ત્યારે ખેડૂતો માટે આ વરસાદ બરબાદીનો વરસાદ બનીને આવ્યો છે મહીસાગર જિલ્લાના લુણાવાડા ના મલેકપુર પંથક મો તેમજ ખાનપુર તાલુકાના કાનેસર ગામની જયાં ૪૦૦ એકરથી વધુમાં ડાંગરનું વાવેતર કરેલું હતું જે આ ભારે પવન સાથેના વરસાદના કારણે જમીનદોસ્ત થઈ છે અને પહેલેથી ખેતરમાં પાણી હતું જ ત્યારે હવે છેલ્લા ત્રણ દિવસથી વરસાદ પણ પડે છે જેને લઈને ડાંગર પાણીમાં ગરકાવ થઈ છે ધાન તો બાજુ પર હવે તો ઘાંસ પણ પશુઓને કામ લાગી શકે તેમ નથી ત્યારે ખેડૂતો સર્વે કરાવી સહાય કરવાની માંગ કરી રહ્યા છે

લુણાવાડા તાલુકાના મલેકપુર પંથક તેમજ ખાનપુર તાલુકાના કાનેસર ગામના જયાં મુખ્યત્વે ગ્રામજનો ખેતી અને પશુપાલન પર જીવન જીવે છે ખેડૂતોએ મુખ્યત્વે ડાંગરનો પાક કર્યો છે ૪૦૦ એકર થી વધુમાં ડાંગરનો પાક છે ક્યારે સોયાબીન મકાઈ ઘાસચારાના પાકો પણ કરેલા છે પરંતુ સૌથી વધુ ડાંગરનો પાક કરેલો છે આ વર્ષે વરસાદ ખૂબ વધારે થયો અને કુલ ૧૪૨ ટકા વરસાદ જિલ્લામાં થયો છે જેના પગલે ખેતરોમાં પાણી હતા જ અને સતત ત્રણ દિવસથી પડતા વરસાદના પગલે અને સાથે સાથે ભારે પવનના કારણે ડાંગરનો પાક જમીનદોસ્ત થઈ ગયો છે જેના કારણે પાણીમાં ડાંગર ગરકાવ થવાથી તેના પાન અને પાકીને તૈયાર થયેલા દાણા પણ પાણીમાં રહેવાના કારણે સડી ગયા છે એટલે હવે ધાન તો.ઠીક પરંતુ ઢોર ને ખવડાવવા માટે ઘાંસ પણ કામ લાગે તેમ નથી એવામાં ખેડૂતો સહાય આપો ના નારા લગાવી સર્વે કરાવવા માંગ કરી રહ્યા છે ખેડૂતોએ ગ્રામસેવક ને જાણ કરી હોવા છતાં કોઈ જોવા પણ આવ્યું નથી ત્યારે સરકાર સહાય કરે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે

ગ્રામજનો જણાવે છે કે વરસાદ ના કારણે અમારે માથે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે મોઢામાં આવેલો કોળીયો છીનવાઈ રહ્યો છે ડાંગર પાકી જવા આવી હતી અને પાણીમાં પડી ગઈ હવે ઘાંસ પણ મળે તેમ નથી કાનેસર ગામમાં ૪૦૦ થી વધુ એકર માં ડાંગરનો પક કરેલો છે ત્યારે સરકાર સર્વે કરાવે અને અમને સહાય આપે

મહત્વના મુદ્દા

૧) મહીસાગર જિલ્લામાં ચાલુ વર્ષે ૧૧૫૮૨૫ હેકટરમાં વાવેતર થયું છે

૨) જિલ્લામાં કુલ વાવેતર માંથી ૪૧૩૫૪ હેકટરમાં માત્ર ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે

૩) ખાનપુર તાલુકામાં ૩૧૦૦ હેકટરમાં ડાંગરનું વાવેતર છે

૪) જિલ્લામાં ૧૪૨ ટકા વરસાદ નોંધાયેલ છે

૫) ડાંગરનો પાક સતત પાણીમાં રહેવાના કારણે સડી ગયો છે

૬) ઘાંસ પણ કામ લાગે તેમ નથી

૭) નુકશાન લાખોમાં છે

૮) ખેડૂતોની સર્વે કરાવવા માંગ

૯) સરકાર સહાય આપે તેવી માંગ

૧૦) સરેરાશ ૯૦ ટકા પાકમાં નુકશાની છે

# આપની આજ.......

મેષ: જીવનસાથી તમારી સર્જનાત્મક ક્રિયાઓથી પ્રભાવિત થશે અને મહત્વપૂર્ણ કાર્યોમાં તમારી સલાહ લેશે. ધાર્મિક કાર્યમાં થોડો ખર્ચ થશે, પરંતુ તે તમારી ખ્યાતિમાં વધારો કરશે.

વૃષભ:આજનો દિવસ મિશ્રિત ફળ આપશે. વિદ્યાર્થીઓ માટે વિદેશમાં શિક્ષણ મેળવવા, કાર્યોમાં એકાગ્રતા જાળવવા માટે સમય સારો છે. વાણીની નરમાઈ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે.

મિથુન:આજનો દિવસ સાધારણ ફળદાયક રહેશે. ધંધામાં કોઈ સાથીદાર કે સંબંધી દ્વારા માનસિક તણાવ પેદા થઈ શકે છે, ધૈર્ય રાખો. પૈસાના વ્યવહારમાં સાવચેત રહો, નહીં તો આજે અપાયેલા પૈસા પાછા આવવાની સંભાવના ઓછી રહેશે.

કર્ક: અચાનક પારિવારિક ખર્ચ માનસિક દબાણમાં વધારો કરી શકે છે. આજીવિકાના ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે અને ભાઈઓના સહયોગથી લાભની સ્થિતિ ઉદ્ભવશે. રાજકીય સહયોગ મળશે અને અટકેલા સરકારી કામ પૂરા થશે.

સિંહ:કૌટુંબિક સહયોગ મળશે અને નવા વેપારીઓને લાભ થશે. રાજકીય દિશામાં કરવામાં આવેલા પ્રયત્નો ફળદાયી થશે, સાર્વજનિક સારો સહયોગ પ્રાપ્ત થશે.

કન્યા:તમે તમારા જીવનસાથી સાથે સારો સમય પસાર કરશો. સફળ વ્યાવસાયિક યોજનાઓ તમારી પ્રતિષ્ઠામાં વધારો કરશે અને તમારા બધા કાર્યોમાં મદદરૂપ થશે. પારિવારિક સમસ્યાઓનો અંત અને મહત્વપૂર્ણ કાર્યો સંપન્ન થતા તમારું વર્ચસ્વ વધશે.

તુલા:ધંધામાં લાભની શરતો રહેશે અને નવી તકો પણ મળશે. તબીબી વ્યાવસાયિકોની પ્રતિષ્ઠા વધશે અને આર્થિક સ્થિતિ સુધરતી રહેશે. લવ લાઈફમાં વધારે અપેક્ષાઓ નિરાશા તરફ દોરી શકે છે.

વૃશ્ચિક:વિદ્યાર્થીઓને ગુરુઓની મદદથી ભાવિની યોજના બનાવવાની તક મળશે. આજીવિકા રોજગારની દિશામાં કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટ મળશે. જરૂરી કાર્યો પૂરા કરવા માટે અન્યનો સહકાર લેવામાં તમે સફળ થશો.

ધન:વધુ મહેનતને કારણે સ્વાસ્થ્ય કંઈક નરમ રહેશે. સમાજ તરફથી ઈચ્છિત સહયોગ મળશે. જો તમે નોકરી કરો છો તો તમારા અધિકારો વધશે અને જવાબદારી વધશે.

મકર:લવ મેરેજ ઈચ્છુક માટે સમય અનુકૂળ છે. માતાના સ્વાસ્થ્યની સંભાળ રાખો અને ડોકટરો પાસે તપાસ કરાવો. વિવાહિત જીવન સુખી રહેશે અને આર્થિક સ્થિતિ મજબૂત થવાના કારણે ભંડોળમાં વૃદ્ધિના સંકેત મળશે.

કુંભ:ઈચ્છાશક્તિ અને સંકલ્પના કારણે તમને ધંધામાં સારો લાભ મળશે અને મિત્રોની સહાયથી વ્યવસાયિક યોજના મજબૂત બનશે. પિતાનું માર્ગદર્શન તમને મુશ્કેલ નિર્ણયો લેવામાં મદદ કરશે.

મીનઃ તમને કોર્ટ સંબંધિત બાબતોમાં ફાયદો થશે અને નસીબ પણ જોખમી નિર્ણયમાં તમને સહયોગ આપશે. રોજગાર ક્ષેત્રે ચાલુ પ્રયત્નો સફળ થશે. આકસ્મિક ધન લાભ થવાના યોગ બની રહ્યા છે. સાસરિયાઓની તરફેણમાં કોઈની સાથે મતભેદ થઈ શકે છે, પરંતુ તમને તમારા જીવનસાથી તરફથી પૂરો સહયોગ મળશે.

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# નવરાત્રી દરમિયાન પવિત્ર યાત્રાધામ પાવાગઢમાં દર્શનાર્થીઓની સગવડતાને ધ્યાને લઈ પ્રતિબંધાત્મક આદેશો મુકાયા


પંચમહાલ, મંગળવાર :: આગામી આસો નવરાત્રી પર્વ દરમ્યાન પંચમહાલ જિલ્લાના પાવાગઢ યાત્રાધામ ખાતે તા.૧૭/૧૦/૨૦૨૪ સુધીના સમય દરમ્યાન નવરાત્રી તહેવારની ઉજવણી થનાર છે. આ સમયગાળા દરમ્યાન પાવાગઢ ખાતે મોટી સંખ્યામાં લોકોની અવર જવર પાવાગઢરહેનાર હોઈ તેમજ પાવાગઢથી માંચી સુધીનોરસ્તો ખુબ જ વાંકો ચુકો, ચઢાણવાળો તથા સાંકડો હોઈ કોઈ પણ અકસ્માત કે જાનહાનિ ન સર્જાય તે માટે કાયદો અને વ્યવસ્થા તેમજ ટ્રાફીકનું નિયમન કરવું જરૂરી હોઈ જાહેર હિતમાં પાવાગઢ ખાતે તળેટીથી માંચી સુધીના રૂટ ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેક્ષી, ટેમ્પો, જીપ, લકઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચકી વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનોની અવર-જવર, રસ્તાના ડાયર્વઝન ઉપર તથા ચીજ વસ્તુઓ સાથે અથવા ચીજ વસ્તુઓ વગર પશુઓ દોરિ જનારાઓ કે તે દ્વારા માલ સામગ્રી વહન કરનારાઓ ઉપર નિયંત્રણ કરવાની જરૂરીયાતને ધ્યાને લઈ પંચમહાલના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એમ.ડી.ચુડાસમાએ તેમને મળેલ અધિકારની રૂએ જિલ્લાના હાલોલ તાલુકામાં આવેલ પાવાગઢ યાત્રાધામ ખાતે ટ્રાફિક નિયમન તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય તે માટે આગામી તા.૧૭/૧૦/૨૦૨૪ સુધી કેટલાક હુકમો ફરમાવ્યા છે.

જે મુજબ પાવાગઢ ખાતે તળેટીથી માંચી જવાના રસ્તા ઉપર ભારે તેમજ હળવા વાહનો જેવા કે ટ્રક, ટેક્ષી, ટેમ્પો, જીપ, લકઝરી બસ, મેટાડોર, ઓટોરીક્ષા, દ્વિચકી વાહનો સહિત ઈંધણથી ચાલતા તમામ પ્રકારના વાહનોના અવર જવર કરવા ઉપર, હાલોલ ટીમ્બી ત્રણ રસ્તા, જેપુરા ચોકડી, ઢીકવા ચોકડી તેમજ ધનકુવા ચોકડીથી ભારે વાહનો તથા ખાનગી વાહનોના પાવાગઢમાં પ્રવેશ કરવા ઉપર, કોઈપણ પ્રકારના વાહનો દ્વારા, પશુઓ દ્વારા સાધન સામગ્રી, ચીજ વસ્તુઓનું વહન કરવા ઉપર તથા પશુઓ દોરી જનારાઓને માંચીથી દુધિયા તળાવ, પાવાગઢ સુધીના રસ્તા ઉપર અવર જવર કરવા પર મનાઈ ફરમાવેલ છે. જાહેરનામામાં જણાવ્યા અનુસાર બોડેલીથી હાલોલ તરફ જતાં વાહનો તેમજ હાલોલથી બોડેલી તરફ જતાં વાહનો બાયપાસ ઉપરથી જઈ શકશે તથા પાવાગઢમાં આવતાં દર્શનાર્થીઓ વડા તળાવ ચોકડી ઉપરથી વાહનો સાથે પાવાગઢમાં પ્રવેશ કરી શકશે. આ પ્રતિબંધ આવશ્યક ચીજ વસ્તુઓનું પરિવહન કરતા વાહનો, એસ.ટી.બસો, સરકારી ફરજ ઉપરના વાહનો, પીવાના પાણી તથા આરોગ્ય સેવાઓના ઉપયોગમાં લેવાનાર વાહનોને લાગુ પડશે નહિં. અનિવાર્ય, યથોચિત પ્રસંગોના કિસ્સામાં એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદારશ્રી,હાલોલની પૂર્વ પરવાનગી મેળવવાની રહેશે.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર શખ્સ/વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

## શ્રી ગોવિંદગુરુ યુનિવર્સિટી,વિંઝોલમાં ’સાહિત્યિક પત્રકારત્વ’ વિષે પરિસંવાદ

શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,વિંઝોલ (ગોધરા)ના કુલપતિ શ્રી ડો પ્રતાપ સિંહજી ચૌહાણ સાહેબની પ્રેરણાથી અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ ડો ભાવેશ ભાઈ જેઠવાના માર્ગદર્શનમાં યુનિવર્સિટીના ગુજરાતી વિભાગ અને ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તારીખ ૫ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ યુનિવર્સિટીના સેનેટ હોલમાં’ સાહિત્યિક પત્રકારત્વ’ વિષે એક દિવસીય પરિસંવાદ યોજવામાં આવ્યો છે. જેમાં જાણીતા સાહિત્યકાર ડો મણિલાલ હ પટેલ, લલિત ખંભાયતા (દિવ્ય ભાસ્કર), જશવંત રાવલ (નયા પડકાર) અને કુમાર જૈમિનિ શાસ્ત્રી વકતવ્યો આપશે. પરિસંવાદમાં અતિથિવિશેષ તરીકે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી ડો જયેન્દ્રસિંહ જાદવ ઉપસ્થિત રહેનાર છે. ગુજરાતની વિવિધ યુનિવર્સિટી અને કોલેજોમાંથી આશરે ૨૦૦ સહભાગીઓ આ પરિસંવાદમાં હાજરી આપવા આવી રહ્યા છે.




## ટીંબા પાટિયા થી કાંકણપુર તરફ જતા માર્ગમાં મોટા ખાડા પડી જતા ડાળખા મૂકી દેવાયા

માર્ગમાં પડી ગયેલા ખાડાના સમાર કામ માટે સરકારે કરોડો રૂપિયા ફાળવ્યા ક્યાં ગયા?



હાલ ચોમાસાની ઋતુ બાદ ઠેર ઠેર ખાડા પડી ગયા છે રસ્તાઓ બિસ્માર થઈ ગયા છે ત્યારે શહેરા તાલુકાના ટીંબા પાટિયા થી કાંકણપુર-ઉદલપુર તરફ જતા માર્ગમાં તાળવા પટેલ ફળિયું અને નિશાળ ફળિયા પાસે મોટા મોટા ખાડા પડી ગયા છે આ ખાડાઓમાં પાણી ભરાઈ ગયા હોવાથી તે ખાડા દેખાતા નથી ત્યારે વાહન ચાલકો વારંવાર આ ખાડાઓમાં પડતા હોય છે જેથી સ્થાનિકો અને વાહન ચાલકો હેરાન થઈ ગયા છે આ ખાડાઓના કારણે કેટલાક બાઈક સવારો નીચે પણ પડ્યા છે પરંતુ તંત્રને તો કઈ દેખાઈ રહ્યું જ નથી આ ખાડાઓમાં વાહન ચાલકો ના પડે એટલા માટે ખાડાઓમાં ડાળી ડાળખા મૂકી દેવાયા છે તો કામદારોને પહેરવામાં આવતા યુનિફોર્મ ડાળખીઓને પહેરાવી ઉભા કરી દેવામાં આવ્યા છે.આ નો મતલબ શુ સમજવો ?તંત્રને ખાડા દેખાઈ છે કે નહીં ? તંત્ર આ ખાડાઓ પુરશે કે પછી લોકોને નીચે પડતા જોવાના છે ? સરકાર એક તરફ ખાડાઓ પુરવા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી છે તો આવા મોટા ખાડાઓમાં ઉપયોગી થશે કે બીજી કોઈ અન્ય જગ્યાએ ? આ રસ્તા ઉપર આ મોટા ખાડાઓના લીધે કોઈ ઘટના બનશે તો તે માટે જવાબદાર કોણ? માર્ગ અને મકાન વિભાગ આ ખાડાઓનું સમારકામ કરશે કે કેમ એ પણ હવે જોવાનું રહ્યું છે?

## કાલોલ મિશન મંગલમની મહિલા અધિકારીએ સખી મંડળના ગ્રુપો પાસેથી લાંચ લીધાનો આક્ષેપ

કાલોલ,

કાલોલના મિશન મંગલમ શાખાની મહિલા અધિકારીએ તાલુકાની સખી મંડળોની મહિલા સભ્યો પાસેથી લાંચ લેવાના આક્ષેપો કરતા સાંસદ અને ધારાસભ્ય દ્વારા ઉલટ તપાસ કરાઈ હતી.

કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતેથી કાર્યરત મિશન મંગલમ શાખાના સ્વસહાય જુથો અને સખી મંડળો પાસેથી તાલુકા ટી.એલ.એમ.અધિકારી દિપ્તિબેન ગ્રાન્ટમાંથથી કટકી ખાઈ રહ્યા હોવાના આક્ષેપ સાથે સ્વસહાય જુથોના મહિલા સભ્યો દ્વારા જુથ દીઠ આવતી લોન અને રિવોલ્વિંગ ફંડમાંથથી ૧૦ થી ૨૦ ટકા લેખે રૂપિયા ઉઘરાવાતા હોવાના આક્ષેપો થયા છે. જે અંગે સાંસદ રાજપાલસિંહ જાદવ અને ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણને તાલુકાના એક સખી અને કેટલીક મહિલા હોદ્દેદારોએ રજુઆત કરી હતી. જેમાં મહિલા અધિકારી દિપ્તિબેનના ત્રાસથી અનેક સભ્યો અને હોદ્દેદારોએ રાજીનામુ આપી દીધુ હોવાનુ પણ જણાવાયુ હતુ. જે અંગે અધિકારી રૂબરૂમાં ઓડિયો ક્લિપના પુરાવા સહિત દિપ્તિબેનને પુછતા તેઓની બોલતી બંધ થઈ ગઈ હતી.

## ગોધરા-આણંદ સેકશન ઉપર રેલ્વે ટ્રેકની ડબલિંગ કામગીરીને લઈ મેમુ ટ્રેન ૩૧ દિવસ માટે રદ્દ

ગોધરા,

ગોધરા-આણંદ સેકહન પર રેલ્વે ટ્રેક ડબલિંગની કામગીરીને લઈ મેમુ ટ્રેન ૩૧ દિવસ સુધી રદ્દ કરવામાં આવી છે. તા.૧ ઓકટોબર થી ૩૧ ઓકટોબર સુધી મેમુ ટ્રેન દોડે નહિ.

હાલના કરોડોના ખર્ચે ગોધરાથી આણંદ જોડતા વાયા ડાકોર સિંગલ રેલ્વે માર્ગને ડબલ કરી રહ્યા છે. જે કામગીરી છેલ્લા કેટલાય સમયથી શરૂ કરાઈ છે. આગામી ૧ ઓકટો.થી ૩૧ ઓકટો.સુધી ગોધરા-આણંદ રેલ્વે સેકશન પર મેગા બ્લોક લેવામાં આવ્યો છે. જેને કારણે આ રૂટ પર દોડતી કેટલીક દૈનિક મુસાફર ટ્રેનો પ્રભાવિત થઈ છે. જેમાં સૌથી મોટી અસર મેમુ ટ્રેન સેવાને પહોંચી છે. આગામી તા.૧ ઓકટો.થી લેવાયેલા આ મેગા બ્લોકને કારણે ગોધરા-આણંદ મેમુ, આણંદ-ગોધરા મેમુ, ડાકોર-આણંદ મેમુ ટ્રેન આગામી ૩૧ દિવસ સુધી રદ્દ રહેશે. તો વેરાવળ-ઈન્દૌર મહામના એકસપ્રેસ ૨ ઓકટોબર, ૯ ઓકટોબર, ૧૬ ઓકટોબર, ૨૩ ઓકટોબર, અને ૩૦ ઓકટોબરના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા ગેરતપુર-આણંદ-બાજવા-છાયાપુરી-ગોધરા થઈને ચલાવવામાં આવશે. તો ઈન્દૌર-ગાંધીધામ સુપરફાસ્ટ ૦૬ ઓકટોબર, ૧૩ ઓકટોબર, ૨૦ ઓકટોબર, અને ૨૭ ઓકટોબરના રોજ ડાયવર્ટ કરેલા રૂટ વાયા ગોધરા-છાયાપુરી-બાજવા-આણંદ-ગેરતપુર થઈને ચલાવશે. જેને લઈ અપડાઉન પર દોડતી ટ્રેન અથવા અન્ય વાહનોમાં મુસાફરી કરવા માટે રેલ્વે દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જેની માહિતી રેલ્વે વિભાગ દ્વારા તા.૩૦ સપ્ટેમ્બર સાંજે પાંચ કલાકે જાણકારી આપી હતી.

## ઘોઘંબા તાલુકાના ફરોડ ગામે ગટરો ન હોવાથી પાણી રોડ પર ફરી વળ્યા : ગ્રામ પંચાયતના વહીવટદારોને માત્ર મનરેગાના કામો કરવામાં રસ.

ઘોઘંબા



ઘોઘંબા તાલુકાનું ફરોડ ગામ એટલે ભ્રષ્ટાચારમાં હિરો અને વિકાસના કામોમાં ઝીરો લોકોનું કહેવું છે કે થોડા સમય પહેલા ગામના મુખ્ય રસ્તા ઉપર વરસાદી પાણી તથા ઘર વપરાશના પાણી નો નિકાલ માટે ગટર બનાવવામાં આવી હતી. પરંતુ ગામમાં ગટરનું કોઈ નામો નિશાન દેખાતું નથી વરસાદ તથા સ્થાનિક રહીશોની ડટક માંથી આવતા પાણી રસ્તા ઉપર વહી રહ્યા છે જે પાણી ગામમાં આવેલા મંદિર પાસે તેમજ મુખ્ય રસ્તા ઉપર જમા થાય છે. ગંદા પાણીના કારણે રોગચાળો ફાટી નીકળે તેવો ભય ગ્રામજનોને સતાવી રહ્યો છે. ગ્રામ પંચાયતના વહીવટદારોએ ગટર બનાવી છે ખરી? કે પૈસા વાપરી ગયા છે જો ગટર બનાવી હોય તો પાણી ગટરમાં કેમ નથી વહેતા તે એક તપાસનો વિષય છે.

## નેહરુ યુવા કેન્દ્ર ગોધરા દ્વારા સ્વચ્છતા હી સેવા ઝુંબેશ યોજાઈ

સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના વિદ્યાર્થીઓ એ વણાંકબોરી થર્મલ પાવર પ્લાન્ટ ની મુલાકાત લીધી. સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના મિકેનિકલ અને ઈલેક્ટ્રિકલ ઈજનેરી ના વિદ્યાશાખા ના ૪૫ જેટલા વિદ્યાર્થીઓ માટે વણાંકબોરી થર્મલ પાવર પ્લાન્ટ ની વિઝીટ નુ આયોજન પ્રો વિપુલ ભટ્ટ, પ્રો હાર્દિક શુક્લ, પ્રો દીક્ષિત પાઠક અને પ્રો નિલેશ રાવત દ્વવારા આચાર્ય પ્રો એ કે પટેલ ના માર્ગદર્શન મા કરવામાં કરવામાં આવ્યું હતું. ઉપરોક્ત વિઝીટ મા વિદ્યાર્થીઓ એ બોઈલર, ટરબાઈન, કુલિંગ ટાવર, કંડેન્સર, ફેન, ઊજ્ડ, રેનકાઈન સાયકલ, પ્રિ હિટિંગ,રિજનરેટીવ હિટિંગ, ડી એરેટર, એશ કલેક્શન મેથડ, કોલ પ્લાન્ટ, કોલ મિલ વિગેરે ની વિસ્તૃત માહિતી મેળવેલ હતી.પાવર પ્લાન્ટ મા ટ્રેનિંગ વિભાગ ના પ્રણવ ભટ્ટ સાહેબ, પરમાર સાહેબ, નીતાબેન વિગેરેએ ખુબ સરસ સહકાર આપેલ અને વિદ્યાર્થીઓ ને વિસ્તૃત માહિતી માર્ગદર્શન આપેલ. પ્રો હાર્દિક શુક્લ અને પ્રો વિપુલ ભટ્ટ સાહેબે પાવર પ્લાન્ટ ટીમ નો આભાર માન્યો હતો. મિકેનિકલ ના ફાઈનલ યર ના વિદ્યાર્થીની પ્રિયા ચૌહાણ એ જણાવ્યું હતું કે અમને આ પ્રકાર ની વિઝીટ થી અમારા પ્રેક્ટિકલ જ્ઞાન મા ખુબ વધારો થયો છે અને અમે અમારા અદ્યાપકો નો આભાર માનીએ છીએ.